# LNK College of Education (CTE), Patan
# Innovation club Phase-2 Training
# 11-12 December, 2024

## Report

**Date: 13-12-2024**







વિકસિત ભારત ૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવામાં મહત્વના એવા સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન કલ્ચરને તેમજ આ ક્ષેત્રે પ્રગતિશીલ એવી ગુજરાત રાજ્યની વિશેષ પહેલ સમાન- SSIP પોલીસીને વેગ આપવા ઈનોવેશનને પ્રોત્સાહન મળી રહે એવા આ ઉમદા હેતુ માટે ઉચ્ચ શિક્ષણની સરકારી, બિન-સરકારી અનુદાનિત કોલેજો અને ગ્રામ વિદ્યાપીઠોમાં શરૂ કરેલ ઇનોવેશન ક્લબ અંતર્ગત ગુજકોસ્ટના માધ્યમથી રોબોકાર્ટ કંપનીને વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. જે અંતર્ગત ૧૩૪ DIY કીટસ સપ્લાય કરવાનો અને ૪૮૧ કૉલેજમાં કુલ ૪ દિવસની ટ્રેનિંગ આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી સંલગ્ન કૉલેજ એલ. એન. કે. કૉલેજ ઑફ એજ્યુકેશન (સી.ટી.ઈ.) પાટણ ખાતે અભ્યાસ કરતા પ્રશિક્ષણાર્થીઓ પણ ઇનોવેશન કરી શકે તેવા ઉમદા હેતુથી નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસયટી મેનેજમેન્ટના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર ડૉ. જે. એચ. પંચોલી સર અને CDO પ્રો. જય ધ્રુવ સરના માર્ગદર્શન હેઠળ આચાર્યશ્રી ડૉ. ગંગારામભાઈ પ્રજાપતિ અને કો-ઓર્ડીનેટરશ્રી ડૉ. નિલેશકુમાર બી. ગજ્જર દ્વારા  ઇનોવેશન ક્લબનું ગઠન કરવામાં આવેલ છે.

સદર સંસ્થામાં તાલીમ બે ફેઝમાં કરવામાં આવી હતી. ફેઝ-૨ માં (૨ દિવસની- દિવસ ૩ અને ૪) ની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં બંને દિવસના મળીને ૯૨ પ્રશિક્ષણાર્થીઓએ આ તાલીમ મેળવી હતી. આ તાલીમ દ્વારા પ્રશિક્ષણાર્થીઓમાં સંશોધન, નવાચાર, તર્કશક્તિ અને કલ્પનાશક્તિ જેવા ઉત્તમ ગુણોનો વિકાસ કરી શકે છે. સદર કોલેજની ઈનોવેશન કલબના કો-ઓર્ડીનેટરશ્રી ડૉ. નિલેશકુમાર બી. ગજ્જરના આયોજન અને ટ્રેઈનર શ્રી મહેન્દ્ર એચ. સોલંકીના નેતૃત્વ હેઠળ આ બંને દિવસની તાલીમ ખૂબ જ સફળતાપૂર્વક અને હકારાત્મક અભિગમ સાથે સંપન્ન થઇ હતી.

કો-ઓર્ડીનેટરશ્રી

(ડૉ. નિલેશકુમાર બી. ગજ્જર)

એલ.એન.કે. કોલેજ ઓફ એજ્યુકેશન(સી.ટી.ઈ.), પાટણ